# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

- **રાજ્યમાં ગઇકાલ સાંજથી વરસાદ ધીમો પડ્યો .. જોકે આજે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હવામાન વિભાગે અતિભારે વરસાદની આગાહી કરી**
- **આરોગ્ય સેવાને વધુ સક્ષમ બનાવવા માટે રાજયમાં કરાર આધારિત એક હજાર 110 તબીબોની ગ્રામિણ અને શહેરોની સરકારી હોસ્પિટલમાં નિમણૂંક અપાઇ**
- **આજથી દેવભૂમિ દ્વારકામાંથી રાજ્યક્ષાનો વન મહોત્સવનો મુખ્યમંત્રીના હસ્તે આરંભ થશે**
- **નાગરિકોની સમસ્યાઓના ત્વરિત ઉકેલ માટે દર મહિને યોજાતા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં એક હજાર 495 પ્રશ્નોનો નિકાલ કરાયો ..**
- **ભારતીય સૈન્યના અપાર સાહસ,પરાક્રમ અને શૌર્યને દર્શાવતા કારગીલ વિજય દિવસની આજે દેશભરની સાથાથે રાજ્યમાં પણ ઉજવણી ..**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT RAINS

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ શાંત થતાં પૂરની સ્થિતિમાંથી રાહત મળી છે. દરમ્યાન હવામાન વિભાગે આજે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. તો દક્ષિણ ગુજરાતનાં સુરત અને નવસારી સહિતના દરિયા કાંઠાના જિલ્લાઓમાં ભારે વરસાદ માટે ઓરેંજ અલર્ટ જાહેર કર્યું છે.

અમારા સંવાદદાંતા જણાવે છે કે ગઇકાલે વરસાદમાં રાહત થવા છતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં અમુક સ્થળોએ પાણી ભરાયેલા છે. ભારે વરસાદને કારણે રાજ્યના 40 ડેમમાં પાણી છલકાયા છે. NDRF ની ટુકડીઓએ ગઇકાલે પૂર અસરગ્રસ્ત સુરત, પોરબંદર અને વડોદરા જિલ્લામાં બચાવ કામગીરી કરી હતી. ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદના કારણે રાજ્યની પૂર્ણા, વિશ્વામિત્રી અને દમણ ગંગા નદી ભયજનક સપાટી વટાવી ચૂકી છે.

---

-પુલ, હર્ષ -(NAVIN)

# DOCTORS

રાજ્ય આરોગ્ય સેવાઓ શ્રેષ્ઠત્તમ બનાવવા ગ્રામ્ય અને શહેરી આરોગ્ય સેવાઓમાં ૧૧૧૦ જેટલા બોન્ડેડ તબીબોને મુકવામાં આવ્યાં છે.

આ તમામ બોન્ડેડ તબીબો મેડિકલ ઓફિસર વર્ગ-2 તરીકેની ફરજ અદા કરશે.

આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા હુકમ અનુસાર  રાજ્યની ૩૧ જીલ્લા હોસ્પિટલમાં ૧૩૨, ૫૧ પેટા જીલ્લા હોસ્પિટલમાં ૧૧૯ ,  ૨૨૨ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૩૧૦,  ૪૯૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૪૩૦ અને રાજ્યની ૫૭  ESIC  હોસ્પિટલમાં ૧૧૯ મળીને રાજ્યની ૮૫૬ હોસ્પિટલમાં કુલ ૧૧૧૦ તબીબો ઉપલબ્ધ થયા છે.

તબીબી અધિકારી વર્ગ-૨ ની કુલ ૧૨૭૨ જગ્યાઓ  પૈકી ૧૧૧૦ તબીબોને નિમણૂંક આપવામા આવી છે. બાકી રહેતી જગ્યાઓ પણ સત્વરે ભરવામાં આવશે

--------------------------------------------------------------------

- પીટીસી—ગાંધીનગર

હર્ષલ પંડ્યા  -(NAVIN)

# CHANDIPURA

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસના 124 કેસ નોંધાયા છે. જેમાં પંચમહાલના સૌથી વધુ પંદર , સાબરકાંઠા અને અમદાવાદ કોર્પોરેશનમાં 12-12 સહિત અન્ય જીલ્લાઓમાં આ કેસ નોંધાયા છે.. અત્યાર સુધીમાં 44ના મોત નિપજ્યાં છે.. જ્યારે 54 દર્દીઓ સારવાર હેઠળ છે અને 26 દર્દીઓને રજા અપાઇ છે. રોગચાળો વધુ ન વકરે તે માટે દવાનો છંટકાવ, ડસ્ટીગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

-----------------------------------------------------------------------

- પીટીસી-ગાંધીનગર

હર્ષલ પંડ્યા

-(NAVIN)

# CM VAN MAHOTSAV

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગાંધવી ગામમાં રાજ્યકક્ષાના 75મા વન મહોત્સવની આજથી ઉજવણી કરાશે. ગામના પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા હરસિદ્ધિ માતા મંદિર ખાતે થનારી આ ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રીના હસ્તે 23મા સાંસ્કૃતિક વન ‘હરસિદ્ધિ વન’નું લોકાર્પણ કરાશે. કોયલા ડુંગરની પાછળ આવેલા આ નવીન ‘હરસિદ્ધિ વન’ખાતે વિવિધ પ્રજાતિના અંદાજિત 41 હજાર 619 રોપાઓનું વાવેતર કરાયું છે.

આ સાથે રાજ્યમંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ 33 જિલ્લા કક્ષાએ, આઠ મહાનગરપાલિકાકક્ષાએ, 250 તાલુકાકક્ષાએ તેમ જ 5 હજાર 500 ગ્રામીણકક્ષાએ ‘75મો વન મહોત્સવ’યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે,રાજ્યમાં વિવિધ 22 સાંસ્કૃતિક વનનું નિર્માણ કરાયું છે.

---

- રીપીટ (20-07-2024)

# JAM STANDING COMMITTEE

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ગુરૂવે મળી હતી જેમાં કુલ પાંચ કરોડ સાઇઠ લાખ રૂપિયાના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

શહેરના સ્વામિનારાયણ નગરમાં મેઈન રોડ, રંગમતિની નદીની સાઈડમાં રિટેઈનીંગ વોલ બનાવવા માટે બે કરોડ બાવન લાખ રૂપિયાનું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.

જામનગરમાં અલગ-અલગ ફલાય ઓવર અને રીવર બ્રીજની પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્સી કામગીરી માટેની દરખાસ્ત મંજુર કરવામાં આવી છે. મ્યુનિ. કમિશનરે રજુ કરી હતી તેમાં ભૂગર્ભ ગટરની સફાઈ, ફરિયાદ અન્વયે કામગીરી તથા મશીનોથી કોમ્પ્રેહેન્સીવ ઓપરેશન અને મેન્ટનન્સની કામગીરીનો સમાવેશ થાય છે..

---------------------------------------------------------------------

- પીટીસી—જામનગર

હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# Important notice

અગત્યની સૂચના

વિશેષ કારણોસર આકાશવાણી કેન્દ્ર પરથી પસાર થનારા રાષ્ટ્રીય સમાચાર આજે સવારે 7.45 થી 7.55 વાગ્યાને બદલે સવારે 9 થી 9.10 વાગે પ્રસારિત થશે. આજથી શરૂ કરીને 11 ઓગસ્ટ સુધી સવારના રાષ્ટ્રીય સમાચાર હવે આપ 9 થી 9.10 મિનિટે સાંભળી શકશો.

---

-પીટીસી, -(NAVIN)

# CM SWAGAT ONLINE

નાગરિકોની રજૂઆતો-સમસ્યાઓના નિવારણ માટે દર માસે યોજાતો સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વિવિધ પ્રશ્નોનો નિકાલ કર્યો હતો.. ગાંધીનગર ખાતેથી યોજાયેલા જુલાઇ માસના કાર્યક્રમમાં ૧ હજાર ૪૯૫ રજૂઆતોના નિવારણ સાથે ૫૯ ટકા પ્રશ્નોનો નિવેડો આવી ગયો છે..

જુલાઈ-૨૦૨૪ના આ 'સ્વાગત'માં રાજ્ય, જિલ્લા અને તાલુકા 'સ્વાગત'માં કુલ મળીને ૨ હજાર ૫૩૮ રજૂઆતો આવી હતી. જેમાંથી ૫૯ ટકા એટલે કે ૧ હજાર ૪૯૫ રજુઆતોનું નિરાકરણ લાવી દેવાયું છે. ગુરૂવારે રાજ્ય 'સ્વાગત'માં મહેસુલ, પંચાયત, શહેરી વિકાસ, પોલીસ અને માર્ગ મકાન વિભાગને સ્પર્શતી રજૂઆતો આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી—ગાંધીનગર

હર્ષલ પંડ્યા

-(NAVIN)

# VIJAY DIWAS

ભારતીય સૈન્યના સાહસ અને શૌર્યનો આજે કારગીલ વિજય દિવસ છે. ત્યારે તેની રજત જયંતિના ઉજવણીના ભાગરૂપે રાજ્યભરનાં આ દિવસની પૂર્વ સંધ્યાએ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા..

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા મશાલ રેલી યોજાઇ હતી જેનું પ્રસ્થાન પતંગ બજાર, સેકટર ૨૧ ખાતે અને સમાપન શ્રી કમલમ, શહેર ભાજપ કાર્યાલય ખાતે થયું હતું. આ મશાલ રેલીમાં દેશ માટે શહીદ થનાર જવાન એન.કે ચૌધરી કાંતિભાઈ તેમજ શહીદ જોય જોસેફ ના પરિવારજનો, શહેર ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ભાવનગર અને પાટણમાં પણ મશાલ રેલી યોજીને સૈનિકોના પરાક્રમની અને બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી—ગાંધીનગર, ભાવનગર, પાટણ, હર્ષલ,

-(NAVIN)

# SANSAD SAWAL

નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને લોન અને ગ્રાન્ટના સ્વરૂપમાં અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં 1470%નો ઉછાળો નોંધાયો છે. સહકારી મંડળીઓ -સંઘોને એનસીડીસી દ્વારા પૂરી પડાતી નાણાકીય સહાયનો આંક 2021-22માં રૂ. 37.40 કરોડ હતો જે 2023-24માં વધીને રૂ. 586.99 કરોડે પહોંચ્યો છે. નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝ પોર્ટલ હેઠળ ઉપલબ્ધ ડેટા અનુસાર ગુજરાતમાં 82,143 નોંધાયેલી સહકારી મંડળીઓ છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહે આ માહિતી પૂરી પાડી હતી.

સહકાર મંત્રીએ જણાવ્યું હતું કે, એનસીડીસી તરફથી દેશભરની સહકારી મંડળીઓ- ફેડરેશનને નાણાકીય સહાયતા પૂરી પાડવામાં આવે છે. એનસીડીસી તરફથી પ્રાપ્ત થયેલી માહિતી મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં આ સંસ્થાઓને કુલ રૂ. 1 લાખ 34 હજાર 670થી વધુની રકમની લોન તરીકે અને રૂ. 1 હજાર 200 કરોડ કરતાં વધુની રકમ ગ્રાન્ટ તરીકે વિતરણ કરાઈ છે.

---

- અખબારી યાદી
હર્ષલ પંડ્યા
-(NAVIN)

# GPSC EXAM

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી 28 જૂલાઈના રોજ યોજાનાર પેટા હિસાબનીશ તથા હિસાબનીશની ભરતી પરીક્ષા રાબેતા મુજબ લેવાશે. સંસ્થાના સચિવ હસમુખ પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં માહિતી આપતાં જણાવ્યું કે, હવામાન ખાતાની માહિતી મુજબ 28 જુલાઇ સુધીમાં વરસાદ પ્રમાણસર હોવાથી પરીક્ષા 28 જુલાઈએ લેવાશે.

જો કે, વરસાદના કારણે જો બસ અને રેલવે સેવા પ્રભાવિત થાય તો પરીક્ષા મોંકુફ રાખવા અંગે નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે, હિસાબનીશ તથા પેટા હિસાબનીશની 266 જગ્યાઓ માટે ત્રણ તબક્કામાં ભરતી પરીક્ષા યોજાવાની છે.

---------------------------------------------------------------------

- પીટીસી-ગાંધીનગર-સંસ્કૃતિ ભૂંડિયા-યશ્વી

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 28મી જુલાઇએ આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો 26મી તારીખ સુધીમાં MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

---

-રીપીટ